# રાષ્ટ્રીય બાગવાની બોર્ડ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અરણેજ ના સંયુક્ત ઉપક્રમે પ્રશિક્ષણ વર્ગ યોજાયો

રાષ્ટ્રીય બાગવાની બોર્ડ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અરણેજ ના સંયુક્ત ઉપક્રમે તા: ૧૯/૦૫/૨૦૨૩ ના રોજ આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો કે.બી.કથીરીયા ના માર્ગદર્શન હેઠળ બાગવાની અંતર્ગત વિવિધ યોજનાઓની જાણકારી અંગેનો પ્રશિક્ષણ વર્ગ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અરણેજ ખાતે યોજાયો. આ કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. કે. ડી.ગુલકરી, રાષ્ટ્રીય બાગબાની બોર્ડના નાયબ નિયામક, ડો.આર.એસ.રાણા, બાગાયત વિભાગના નાયબ નિયામક ડો.એસ.સી.વાળા,મદદનીશ નિયામક શ્રી જે. જે.પરમાર,કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અરણેજ ના વૈજ્ઞાનિકો ડો. એન.કે.રાઠોડ, ડો.નીતિન પટેલ અને શ્રી ડી.જે.રંગપરા હાજર રહી અમદાવાદ જિલ્લાના ખેડૂતોને બાગવાની વિષયની વિવિધ યોજનાઓની જાણકારી આપી લાભ લેવા અનુરોધ કર્યો.

અમદાવાદ જિલ્લાના બાગાયતી પાકોમાં રસ ધરાવતા કુલ ૧૦૫ પ્રગતિશીલ ખેડૂતોએ આ પ્રશિક્ષણ વર્ગનો લાભ લીધો તેમજ સરકારશ્રી ની વિવિધ યોજનાઓનો લાભ લેવા તત્પરતા દર્શાવી તેમજ મૂલ્ય વર્ધન, નવા પાકોનું વાવેતર તેમજ નિકાસલક્ષી આયામો દ્વારા ખેતીને ઉન્નત સ્તરે લઈ જવા સંકલ્પ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો.




